# રૂપાલા વિવાદ: પીએમ મોદી ગુજરાતમાં આવે તે પહેલા સમાધાન થઈ જવાની સંભાવના

**ગુજરાત** ભાજપના આગેવાનો ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે સતત ચર્ચાઓ દ્વારા ઉકેલ લાવવા મથામણ કરી રહ્યા છે

ગાંધીનગરઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના દેશી રજવાડા વિશેના નિવેદનના મામલે રાજ્યના જુદા જુદા ભાગમાં ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનના સંદર્ભે હવે સમાધાનની શકયતા તેજ બની છે.

સમગ્ર સમાધાનની કવાયત સાથે નજીકથી સંકળાયેલા ભાજપના ટોચના સૂત્રોએ કહયું હતું કે સૌરાષ્ટ્રમાં ક્ષત્રિય સમાજ જેમના પ્રત્યે સૌથી વધુ આસ્થા ધરાવે છે, તેવા ધર્મગુરૂની ઉપસ્થિતિમાં જ ખુદ રૂપાલા, પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર, ભાજપના ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, પ્રદેશ ભાજપના સંગઠનના સિનિયર અગ્રણીઓ, સૌરાષ્ટ્રના રાજવી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં આ સમાધાન થાય તેવી ફોર્મ્યુલા આકાર પામી રહી છે. ટોચના સૂત્રોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પીએમ મોદી ગુજરાતની મુલાકાતે આવે તે પહેલા સમાધાન થઈ જાય તેવી સંભાવના છે. આ દિશામાં ભાજપના અગ્રણીઓ તથા ક્ષત્રિય સમાજના અગ્રણીઓ વચ્ચે હાલમાં જે મંત્રણા ચાલી રહી છે તે સફળ થશે.

ખાસ ઉલ્લેખનીય છે કે ગૃહ રાજય પ્રધાન હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા 14 લોકસભા બેઠકો પર ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો તથા ક્ષત્રિય સમાજના અગ્રણી કાર્યકરો સાથે મહત્વની બેઠક યોજીને જુદા જુદા 10 મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા પણ કરી લીધી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ અને આણંદ સહિતની લોકસભા બેઠકોના મુખ્ય શહેરોમા આ બેઠકો યોજાઈ હતી. જેમાં મૂળ તો ક્ષત્રિય આંદોલનને શાંત કરવાના પ્રયાસ કરાયા હતા.

રૂપાલાએ દેશી રજવાડા વિશે કરેલી ટિપ્પણીના પગલે સૌરાષ્ટ્ર સહિત રાજયના વિવિધ ભાગોમા ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળી છે. જેના પગલે ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ કરી હતી. જો કે ભાજપના હાઈકમાન્ડ દ્વારા રૂપાલાના ટિકિટ રદ કરવામાં આવી નથી. જો કે રૂપાલાએ પણ સતત ત્રણ વખત બે હાથ જોડીને ક્ષત્રિય સમાજની માફી માંગીને મોટુ મન રાખીને માફ કરવા અપીલ કરી હતી.

## આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા આક્રમક ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં આગામી 7મી મેના રોજ મતદાન યોજનાર છે, ત્યારે ભાજપના ટોચના નેતાઓ હવે ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. જેમાં આવતીકાલ તારીખ 27મી એપ્રિલના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં ચાર લોકસભા વિસ્તારોમાં ચૂંટણી સભાઓને સંબોધશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આવતીકાલે બપોરે 12- 00 વાગે તેઓ રાજકોટના જામકંડોરણા ખાતે જન સભાને સંબોધશે, ત્યારબાદ તેઓ ભરૂચ લોકસભા મતવિસ્તારમાં ખડોલી ગામ ખાતે બપોરે 2-00 વાગે જનસભાને સંબોધશે. ભરૂચ ખાતેની જનસભા પૂર્ણ કરીને અમિત શાહ બપોરે 4-30 વાગે પંચમહાલના ગોધરા એસઆરપી ગ્રાઉન્ડ ખાતે, જ્યારે સાંજે છ વાગે વડોદરા રાવપુરામાં રણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે ચૂંટણી સભા સંબોધશે. આમ એક દિવસમાં ચાર લોકસભા બેઠકો માટે તેઓ ચૂંટણી પ્રચાર કરશે.

## ક્ષત્રિયોનો વિરોધ ઉગ્ર બનતાં ભાજપના આગેવાનોને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે જનસભા સંબોધવી પડે છે

ગાંધીનગરઃ રૂપાલાનો વિરોધ હવે ભાજપનો વિરોધ બની રહ્યો છે, ત્યારે ભાજપના નેતાઓ, આગેવાનોને જનસભા સંબોધવા માટે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્તની જરૂર પડી રહી છે કારણ કે ક્ષત્રિય સમાજના યુવકો ભાજપની જનસભામાં વિરોધ પ્રદર્શન કરતા હોય છે. જેને કારણે ભાજપના આગેવાનોને જનસભા કરવા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી પડે છે. બીજી તરફ પરસોત્તમ રૂપાલા માટે પણ આ વિરોધ મુશ્કેલ બની ગયો છે. જેથી રૂપાલાની જનસભામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડે છે. આ ઉપરાંત રૂપાલાના વાહનના કાફલાને પણ પોલીસ સુરક્ષા વચ્ચે સભાસ્થળ સુધી લઈ જવામાં આવી રહ્યો છે. જે રીતે રાજ્યભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, અને તેમાં પણ ખાસ કરીને રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે.

# ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ પાલનપુર પહોંચ્યો, ભાજપે એક વ્યક્તિને મહત્ત્વને આપ્યું હોવાના હુંકાર સાથે વિરોધ

**વડગામમાં** ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટનમાં ક્ષત્રિય સમાજે ભારે વિરોધ કરતાં ચૂંટણી કાર્યાલય ખૂલી શક્યું નહીં

**ઉમેદવારની** જનસભા પણ શક્ય ન બની: પોલીસે 10 યુવકોની અટકાયત કરી

ગાંધીનગરઃ પરસોત્તમ રૂપાલાનો વિરોધ યથાવત જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ શરૂ કરવામાં આવ્યું છે. ગઈકાલે પવિત્ર યાત્રાધામ અંબાજીથી શરૂ થયેલા બીજો ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ આજે પાલનપુર ખાતે આવી પહોંચ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો ઉમટી પડ્યા હતા, ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરોધની સાથે ભાજપનો વિરોધ કરી સૂત્રોચ્ચાર કરતાં માહોલ ગરમ થઈ ગયો હતો.

પાલનપુર ખાતે પહોંચેલા ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ પાલનપુર નજીકના વસાઈ ગામે આવી પહોંચ્યો હતો, તે દરમિયાન મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો આ ધર્મરથમાં જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલી સભામાં ક્ષત્રિય સમાજના આગેવાન હરપાલસિંહએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવી નથી. ભાજપે માત્ર એક વ્યક્તિને મહત્વ આપ્યું છે. ક્ષત્રિય સમાજની ભાજપે અવગણના કરી છે. તેથી ક્ષત્રિય સમાજ પણ હવે ભાજપ વિરુદ્ધ મતદાન કરશે.

## દક્ષિણ ગુજરાત સહિત 16 જિલ્લાઓમાં આજે માવઠાની વકી

ગાંધીનગરઃ અરબી સમુદ્ર પરથી આવેલી સિસ્ટમની અસર હેઠળ ગુજરાતમાં આગામી 24 કલાક દરમ્યાન માવઠું થવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા ઈશ્યુ કરાઈ છે. બીજી તરફ રાજયનાં ચાર શહેરોમાં 41 ડિગ્રી તાપમાન નોંધાવવા પામ્યું છે. બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા , અરવલ્લી, ખેડા , પંચમહાલ, દાહોદ, મહીસાગર , વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા , સુરત , ડાંગ , તાપી , નવસારી , વલસાડ , દમણ , દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 41 ડિ.સે., ડીસામાં 40 ડિ.સે., ગાંધીનગરમાં 41 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિ.સે., વડોદરામાં 40 ડિ.સે., સુરતમાં 38 ડિ.સે., વલસાડમાં 36 ડિ.સે. દમણમાં 34 ડિ.સે., અમરેલીમાં 40 ડિ.સે., ભાવનગરમાં 37 ડિ.સે.,રાજકોટમાં 41 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 41 ડિ.સે., મહુવામાં 38 અને કેશોદમાં 38 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું.

# કોટક મહિન્દ્રા બેંકની કટોકટી બહારથી દેખાય છે તેના કરતાં પણ વધુ ગંભીર છે

કેન્દ્ર સરકાર ભારતના અર્થતંત્રનું જેટલું ફુલગુલાબી ચિત્ર રજૂ કરવા માગે છે, તેવું હકીકતમાં નથી. ભારતના અર્થતંત્રની હાલત બીમાર છે, પણ સરકારે તેને દબાવી રાખી છે. ભારતમાં અનેક બેન્કો દેવાળું ફૂંકી ચૂકી છે તો અનેકની હાલત ખરાબ છે. પેટીએમ બેન્ક પર રિઝર્વ બેન્કે નિયંત્રણો લાદ્યાં તે પછી હવે ખાનગી ક્ષેત્રની કોટક મહિન્દ્રા બેન્ક પણ કટોકટીમાં મૂકાઈ ગઈ છે. ભારતીય રિઝર્વ બેંકે કોટક મહિન્દ્રા બેંક સામે સખત કાર્યવાહી કરી છે અને તેને ઓનલાઈન નવા ગ્રાહકો ઉમેરવા સામે પ્રતિબંધ ફરમાવી દીધો છે. કોટક મહિન્દ્રા બેન્કને નવા ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ જારી કરવાની પણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે. કોટક મહિન્દ્રા બેંક એ ભારતની મોટી ખાનગી બેંકોમાંની એક છે, જેના સ્થાપક ઉદય કોટકને દેશના સૌથી શ્રીમંત બેંકર માનવામાં આવે છે. કોટક મહિન્દ્રા બેંક પર ભારતીય રિઝર્વ બેંકે મોટી કાર્યવાહી કર્યા બાદ આ બેંકના શેરમાં તીવ્ર ઘટાડો થયો હતો અને તે શુક્રવારે ૧૨ ટકાથી વધુ ઘટીને ૧,૬૨૫ રૂપિયા પર આવી ગયો હતો. કોટક મહિન્દ્રા બેંકના શેરમાં ભારે ઘટાડાથી તેના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઉદય કોટકને ભારે નુકસાન થયું છે. તેમની સંપત્તિમાં રૂ. ૧૦,૩૨૮ કરોડનો ઘટાડો થયો છે. તેમની કુલ સંપત્તિ ૧૩ અબજ ડોલર થઈ છે અને તેઓ વિશ્વના ધનિક લોકોની યાદીમાં ૧૫૫માં સ્થાને આવી ગયા છે.



રિઝર્વ બેંકે બુધવારે કોટક મહિન્દ્રા બેંક સામે આઇટી નિયમોનું વારંવાર પાલન ન કરવા બદલ કાર્યવાહી કરી હતી. રિઝર્વ બેંકને કોટક મહિન્દ્રા બેંકની આઇટી જોખમ સંચાલન અને માહિતી સુરક્ષા કામગીરીમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. બે વર્ષ સુધી મોનિટરિંગ કર્યા બાદ રિઝર્વ બેંક દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. રિઝર્વ બેંકે પોતાના નિવેદનમાં ૧૫ એપ્રિલ, ૨૦૨૪ની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો છે. કોટક મહિન્દ્રા બેંકના ઘણા ગ્રાહકો તે દિવસે બેંકની મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી શક્યા ન હતા. કેટલાક ગ્રાહકોએ એવી પણ ફરિયાદ કરી હતી કે નેટ બેન્કિંગ, યુપીઆઇ અને ડેબિટ કાર્ડના વ્યવહારો યોગ્ય રીતે થઈ રહ્યા નથી.

દૃષ્ટિ પોઇન્ટ ■ સમકિત શાહ

ગ્રાહકોની ફરિયાદોના જવાબમાં કોટક મહિન્દ્રા બેંકે તેના અધિકૃત ગ્રાહક સંભાળ હેન્ડલ દ્વારા જણાવ્યું હતું કે અમે તમને જણાવતા ખેદ અનુભવીએ છીએ કે અમારાં ટેકનિકલ સર્વર હાલમાં તૂટક તૂટક ધીમા પડી રહ્યાં છે. અમે સમસ્યાનો ઉકેલ લાવવા અને શક્ય તેટલી વહેલી તકે સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છીએ. આના કારણે થતી કોઈપણ અસુવિધા માટે અમે દિલગીર છીએ. અમે તમારી સમજણ અને ધીરજની કદર કરીએ છીએ.

કોટક મહિન્દ્રા બેંકમાં સતત બે વર્ષ સુધી આઈટી જોખમ અને માહિતી સુરક્ષા કામગીરીમાં ઉણપ હોવાનું જણાયું હતું. ડિસેમ્બર ૨૦૨૦ માં આરબીઆઈએ એચડીએફસી બેંકને ટેક્નોલોજીની ખામીઓ બાદ નવા કાર્ડ જારી કરવા અને નવી ડિજિટલ પહેલ શરૂ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે માર્ચ ૨૦૨૨માં આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે આ પગલાં કોઈ પણ સુપરવાઇઝરી અથવા અમલીકરણનાં પગલાંથી પ્રભાવિત થયા વિના લેવામાં આવ્યાં હતાં. રિઝર્વ બેંક કોઈપણ બેંક સામે આવી કાર્યવાહી કરી શકે છે.

કોટક મહિન્દ્રા બેંકમાં મ્યુચ્યુઅલ ફંડો લગભગ ૧૨.૮૨% હિસ્સો ધરાવે છે. કોટક મહિન્દ્રા બેંકના શેરના ભાવમાં તીવ્ર ઘટાડાથી તેમને આશરે રૂ. ૫,૦૦૦ કરોડનું નુકસાન થવાની ધારણા છે. આ ઉપરાંત કોટક મહિન્દ્રા બેંકમાં વીમા કંપનીઓ ૮.૬૯% હિસ્સો ધરાવે છે અને જાહેર ક્ષેત્રની કંપની ભારતીય જીવન વીમા નિગમ ૬.૪૬% હિસ્સો ધરાવે છે. આ રીતે કોટકના શેરમાં ઘટાડાનો અર્થ એ થયો કે વીમા કંપનીઓને લગભગ રૂ. ૩,૪૫૬ કરોડનું નુકસાન થયું હતું, જ્યારે ભારતીય જીવન વીમા નિગમને પણ આ કડાકામાં લગભગ રૂ. ૨,૫૬૯ કરોડનું નુકસાન થયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કોટક મહિન્દ્રા બેંક પર તેની કાર્યવાહી માટે બેંકની ટેક્નોલોજી સિસ્ટમમાં સતત ક્ષતિઓને જવાબદાર ગણાવી છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર કોટકની ટેક્નોલોજી સિસ્ટમની નિષ્ફળતાને કારણે ગ્રાહકોને ભારે નુકસાન સહન કરવું પડે છે. આરબીઆઈની આ કાર્યવાહી કેટલી મહત્ત્વપૂર્ણ છે તેનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે કોટક મહિન્દ્રા બેંકે ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના પરિણામોમાં જણાવ્યું હતું કે તેના બચત ખાતાઓમાં ૯૮% વ્યવહારો ડિજિટલ રીતે અથવા બેંક શાખાઓની મુલાકાત લીધા વિના કરવામાં આવ્યા હતા. જો મોટા ભાગના ગ્રાહકો તેમના વ્યવહારો ઓનલાઈન કરતા હોય અને બેંકનું સર્વર ઠપ થઈ જાય તો ગ્રાહકો મુશ્કેલીમાં મૂકાઈ જતા હોય છે. દાખલા તરીકે કોઈ ગ્રાહક હાઈવે પર ટોલ નાકું પસાર કરવા કોટક મહિન્દ્રાનું ફાસ્ટેગ રિચાર્જ કરાવવા માગતો હોય પણ તે ન કરાવી શકે તો તેણે રોકડામાં ડબલ ટોલ ભરવો પડે છે. આરબીઆઇaએ કોટક મહિન્દ્રા બેંકના આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્ષમતા પર પણ સવાલો ઉઠાવ્યા છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે તેની ખામીઓને કારણે તે સતત સમસ્યાઓનો સામનો કરી રહી છે. ૧૫ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ આ ખામીઓને કારણે બેંકની ઓનલાઈન સેવાઓ ખૂબ પ્રભાવિત થઈ હતી અને તેના કારણે ગ્રાહકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ખામીઓને દૂર કરવા માટે બેંક ગંભીર ન હોવા ઉપરાંત તેની પાસે આ માટે પર્યાપ્ત ભંડોળ ન હોવાનો પણ પરોક્ષ રીતે આરોપ રિઝર્વ બેંકે લગાવ્યો છે. એક તરફ જૂની સમસ્યાઓનું નિરાકરણ નથી આવી રહ્યું તો બીજી તરફ બેંકમાં ઓનલાઈન ગ્રાહકોની સંખ્યા વધી રહી છે, જેના કારણે દબાણ વધી રહ્યું છે. હવે લાદવામાં આવેલા નિયંત્રણોની સમીક્ષા બેંક સ્તરે ભવિષ્યમાં લેવામાં આવનારાં પગલાંના આધારે કરવામાં આવશે. રિઝર્વ બેંકે કહ્યું છે કે ખામીઓને દૂર કરવા માટે લેવાયેલા પગલાંઓ અપૂરતાં કે ખોટાં હતાં. કોટક મહિન્દ્રા બેંક પર આ એક મોટો આરોપ છે અને તે દર્શાવે છે કે ગ્રાહકોના હિતોના સંરક્ષણમાં તેનું વહીવટીતંત્ર કેટલું બેદરકાર છે.

ગુજરાતના રહેવાસી ઉદય કોટકે વર્ષ ૧૯૮૫માં પરિવાર અને મિત્રોની મદદથી રૂ. ૩૦ લાખની લોન લઈને રોકાણ કંપનીની સ્થાપના કરી હતી. પછીના વર્ષે તેમણે આ કંપની ચલાવવા માટે મહિન્દ્રા ગ્રૂપ સાથે ભાગીદારી કરી હતી. બાદમાં ગોલ્ડમેન સેક્સ ગ્રુપ ઉદય કોટકના પાર્ટનર તરીકે જોડાયું હતું. ત્યાર બાદ આ કંપની કોટક મહિન્દ્રા બેંક બની, જે હવે રિઝર્વ બેંકની કાર્યવાહી બાદ મુસીબતમાં છે. બેંકના લાંબા સમય સુધી સીઇઓ રહેલા ઉદય કોટકે ૨૦૦૬માં ગોલ્ડમેન સેક્સ સાથેની ભાગીદારીને સમાપ્ત કરીને બેંક પર પોતાની પકડ વધુ મજબૂત કરી હતી.

કોટક મહિન્દ્રા બેંક ભારતની ચોથા નંબરની સૌથી મોટી બેંક છે. પહેલા નંબરે એચડીએફસી, બીજા નંબરે આઈસીઆઈસીઆઈ અને ત્રીજા નંબરે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા છે. કોટક મહિન્દ્રા બેંકનું માર્કેટ કેપ ૩.૬૬ લાખ કરોડ રૂપિયાનું છે. તેના ૪.૧૨ કરોડ ગ્રાહકો છે અને તેમાં એક લાખથી વધુ કર્મચારીઓ છે. તેની ૧,૭૮૦ બ્રાંચો છે અને તેના ૨,૯૬૩ એટીએમ છે. તેના ગ્રાહકોના ૩.૬૧ લાખ કરોડ રૂપિયા બેંકમાં જમા છે. કોટક મહિન્દ્રા બેંક દ્વારા ૪૯ લાખ ક્રેડિટ કાર્ડ અને ૨૮ લાખ ડેબિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. રિઝર્વ બેંક દ્વારા નવા ક્રેડિટ કે ડેબિટ કાર્ડ ઇશ્યૂ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, પણ જૂના કાર્ડ ચાલુ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોટક મહિન્દ્રા બેંકનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નબળું છે તે કારણ સપાટીપરનું કારણ જણાય છે. હકીકતમાં તેની પાસે પૂરતું ભંડોળ નથી. કદાચ બેંક ખોટમાં ચાલી રહી છે કે લિક્વિડિટીની કટોકટી અનુભવી રહી છે, જે હકીકત જાહેર કરવામાં આવતી નથી.

**આ ટેકનિકલ ખામીઓને દૂર કરવા માટે કોટક મહિન્દ્રા બેંક ગંભીર ન હોવા ઉપરાંત તેની પાસે આ માટે પર્યાપ્ત ભંડોળ ન હોવાનો પણ પરોક્ષ રીતે આરોપ રિઝર્વ બેંકે લગાવ્યો છે**

# BUSINESS મિત્ર

## નિફ્ટીએ 22500 પોઇન્ટ અને સેન્સેક્સે 74000ની સપાટી તોડી

# પાંચ દિવસની તેજીને બ્રેક વાગી, રોકડાના શેરોમાં શાનદાર તેજી જોવા મળી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** ભારતીય શેરબજારમાં આજે સપ્તાહના છેલ્લા દિવસે ઉપલા સ્તરેથી નફાવસુલીનું દબાણ રહ્યું હતું અને તેના પગલે સતત પાંચ દિવસની તેજીને બ્રેક વાગી હતી. જેમાં સેન્સેક્સે 74000 પોઈન્ટ અને નિફ્ટીએ 22500 પોઈન્ટની સપાટી તોડી હતી. બીજી તરફ, સ્ટોક સ્પેશિફિક તેજીનો દોર આગળ વધતો જોવા મળ્યો હતો. ઈન્ડેક્સ લાલ નિશાનમાં હોવા છતાં રોકડાના શેરોમાં આક્રમક ખરીદીએ તેજીનો દોર આગળ વધ્યો હતો. આજે શેરબજારમાં નફાવસુલી જોવા મળી હતી.

વૈશ્વિક સ્તરે જોઈએ તો ગઈકાલે અમેરિકાનો ગ્રોથ ઘટતો જોવા મળ્યો હતો. માર્ચ કવાર્ટરમાં અમેરિકન અર્થતંત્ર લગભગ બે વર્ષમાં સૌથી ધીમી ગતિએ વૃદ્ધિ કરતું જોવા મળ્યું છે. જ્યારે ફુગાવો વધ્યો છે. જેના કારણે ફેડરલ રિઝર્વ દ્વારા આ વર્ષે વ્યાજદરમાં ઘટાડો કરવાનું શરૂ કરશે તેવો આશાવાદ પણ જોવાયો હતો. જોકે, ગઈકાલે અમેરિકન બજારોમાં જોરદાર કડાકો બોલાયો હતો.

### રૂપિયો નજીવો ઘટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** કરન્સી બજારમાં રૂપિયામાં સતત સુધારા બાદ આજે બાઉન્સબેક જોવાયો હતો, જે ડોલરની સામે રૂપિયો 2 પૈસા ઘટીને 83.35ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 83.33ના સ્તર બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 89.46, પાઉન્ડ 104.34, કેનેડિયન ડોલર 61.03, ઓસ્ટ્રેલિયન ડોલર 54.45, જાપાનીઝ યેન 0.5319 અને સીંગાપોર ડોલર 61.25ના સ્તરે બંધ રહ્યા હતા.

**સેન્સેક્સ 610 પોઈન્ટ અને નિફ્ટી 150 પોઈન્ટ ઘટ્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 609.28 પોઈન્ટ એટલે કે 0.82 ટકા ઘટીને 73730.16 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74515.91 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73616.65 પોઈન્ટના સ્તરે ઘટ્યો હતો. આજે સેન્સેક્સ 74000 પોઈન્ટના સ્તર તોડ્યો હતો. નિફ્ટી 150.40 પોઈન્ટ એટલે કે 0.67 ટકા ઘટીને 22500 પોઈન્ટની સપાટી તોડીને 22419.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડે નિફ્ટી 22600 પોઈન્ટની સપાટી કુદાવીને 22620 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22400 પોઈન્ટની સપાટી તોડીને 22385 પોઈન્ટ સુધી તુટી હતી. બેન્ક નિફ્ટી 292.90 પોઈન્ટ એટલે કે 0.61 ટકા ઘટીને 48201.05 પોઈન્ટના સ્તર પર બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આલકેમ લેબમાં 52.61 ગણા, પેટીએમમાં 29.25 ગણા, ક્પીટ ટેકનોમાં 21.78 ગણા, ઓબેરોય રિયલ્ટીમાં 18.75 ગણા અને ઝેન્સર ટેકનોમાં 8.39 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઝેન્સર ટેકનોમાં 25.92 ગણા, એલ એન્ડ ટી ટેકનોમાં 12.14 ગણા, હુડકોમાં 10.09 ગણા, ડીસીએમ શ્રીરામમાં 9.83 ગણા અને ટેક મહિન્દ્રામાં 8.29 ગણા કામકાજ નોંધાયા છે.

રોકડાના શેરોમાં મજબૂતાઈના પગલે બ્રોડર માર્કેટ સુધારા સાથે બંધ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.69 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.40 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવાયો હતો. બીએસઈ 1996 શેરો વધ્યા હતા, જ્યારે 1739 શેરો ઘટયા હતા અને 134 શેરો યથાવત રહ્યા હતા.

આજે શેરબજારમાં કન્ઝયુમર ડયુરેબલ શેરોમાં તેજી જોવા મળી હતી. નિફ્ટી કન્ઝયુમર ડયુરબલ ઈન્ડેકેસ 1.64 ટકા વધ્યા હતા. જેમાં હેવલ્સ ઈન્ડિયા, ડિકસન ટેકનો, કોમ્પ્ટ્રોન ગ્રીવ્ઝ, વોલ્ટાસ, કાંજારીયા સિરામીક્સ, બાટા ઈન્ડિયા, સેન્ચુરી પ્લાયબોર્ડ, કલ્યાણ જવેલર્સ, ટાઈટન કંપની અને વીગાર્ડમાં તેજી જોવા મળી હતી. જ્યારે વ્હલપુર્લ, સેરા સેનેટરીવેર અને બ્લુસ્ટાર ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

**એશિયન અને યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યો**

વૈશ્વિક સ્તરે અમેરિકાના ગ્રોથ નરમ રહ્યા હોવાના અહેવાલના પગલે અમેરિકન બજારોમાં કડાકો બોલાયો હતો, પરંતુ ચાલુ વર્ષે વ્યાજકાપ શરૂ થવાના આશાવાદ બાદ રીકવરી જોવા મળી હતી. જેના લીધે આજે મોટા ભાગના યુરોપિયન અને એશિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં 0.47 ટકા, કેક 0.30 ટકા અને ડેક્સ 0.74 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.81 ટકા, હેંગસેંગ 2.08 ટકા, તાઈવાન 1.31 ટકા, કોસ્પી 1.04 ટકા અને શાંઘાઈ 1.16 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.23 ટકા, જકાર્તા 1.69 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 609.28 | 73730.16 |
| નિફ્ટી | 150.40 | 22419.95 |
| બેન્ક નિફ્ટી | 293.90 | 48201.05 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 7.43 | 1278.75 |
| ડીવીસ લેબ્સ | 4.49 | 4016.35 |
| એલટીઆઇમાઇન્ડટ્રી | 3.31 | 4788.05 |
| બજાજ ઓટો | 2.74 | 8974.30 |
| બીપીસીએલ | 1.00 | 609.45 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 7.73 | 6731.20 |
| બજાજ ફિનસર્વ | 3.52 | 1597.35 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 3.32 | 1446.40 |
| નેસલે ઇન્ડિયા | 3.12 | 2482.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.48 | 2044.90 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 7.34 | 1277.45 |
| વિપ્રો | 0.79 | 464.65 |
| આઇટીસી | 0.56 | 439.95 |
| ટાઇટન કંપની | 0.33 | 3584.40 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.53 | 9735.35 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 7.73 | 6729.85 |
| બજાજ ફિનસર્વ | 3.55 | 1597.10 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 3.36 | 1445.85 |
| નેસલે ઇન્ડિયા | 3.08 | 2483.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.94 | 2055.00 |

## એનડીડીબીનું પીએનબી સાથે એમઓયુ

આણંદ, તા. 25ઃ મિલ્ક યુનિયનો/ફેડરેશનો, મલ્ટિ-સ્ટેટ કોઓપરેટિવ્સ, ઉત્પાદક કંપનીઓ જેવી ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ અને એનડીડીબીની સહાયક કંપનીઓ સહિત સહકારી ક્ષેત્રમાં કાર્યરત લાભાર્થી સંગઠનોને ધિરાણ પૂરું પાડવા માટે એનડીડીબીએ પીએનબીની સાથે એમઓયુ કર્યુ છે. એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એસ. રઘુપતિ અને પીએનબીના જનરલ મેનેજર દિપાંકર મહાપાત્રાએ એનડીડીબીના ચેરમેન મીનેશ શાહની પાવન ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર 5 વર્ષ માટે લાગુ રહેશે.

## મારૂતિ સુઝુકીના ચોથા કવાર્ટરમાં ચો. નફો 48 ટકા વધ્યો, રૂ. 125 ડિવિડન્ડની જાહેરાત

મુંબઇ, તા. 26ઃ દેશની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારૂતિ સુઝુકી ઇન્ડિયા લિ.એ નાણાકીય વર્,ના ચોથા ત્રિમાસિક ગાળામાં સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો રૂ. 4878 કરોડ નોંધાવ્યો હતો, જે એક વર્ષ અગાઉના સમયગાળાની સરખામણીએ 48 ટકા વધુ છે. કરા ઉત્પાદકે 31 માર્ચે પુરા થયેલા ત્રણ મહિનામાં રૂ. 38235 કોરડની આવક નોંધાવી હતી. આ ઉપરાંત કંપનીએ શેરદીઠ રૂ. 125નું અત્યાર સુધીનું સૌથી વધુ ડિવિડન્ડ જાહેર કર્યુ હતું. કંપનીએ તેના અત્યાર સુધીના સૌથી વધુ વાર્ષિક વેચાણ વોલ્યુમ, નિકાસ, ચોખ્ખા વેચાણ અને ચોખ્ખો નપો હાંસલ કર્યો હતો. મારૂતિ સુઝુકીનું વાર્ષિક વેચાણ વોલ્યુમ 20 લાખ યુનિટને વટાવી ગયું હતું, જેણે તેને સતત ત્રીજા વર્, પીવીની ટોચની નિકાસકાર કંપની તરીકે શક્તિ આપી હતી. મારૂતિ સુઝુકીને નાણાકીય વર્ષ 2025માં તેના વિદેશી શીપમેન્ટને 3 લાખ યુનિટને પાર કરવાનો વિશ્વાસ છે, કારણ કે તે 2030 સુધીના 8 લાખ યુનિટ સુધીના નિકાસ લક્ષ્યાંકને પહોંચી વળવા કવાયત હાથ ધરશે.

**યાર્ન બજાર** જીએસટી સાથેના ભાવ સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૭૫ | ૫૦/૩૬ '' | ૧૩૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૬૮ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૨ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૪ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૧ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૩૧ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૨ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૪૮૩૦ |
| તેજાબી સોનું | ૭૪૭૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૧૦૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૭૩૩૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૪૮૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૩૬૮૦ |
| ચાંદી સિક્કા | ૮૫૧૮૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૫૦ | કોપરેલ | ૨૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૮૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફલાવર | ૧૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૮૦ | તલતેલ | ૬૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૨૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૫૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૧૦૦ | | |

# 1-4-2024થી ટ્રસ્ટના ડોનેશનો અંગે ફેરફારો

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

આપણે અગાઉના તા. 2-3-2024ના અંકમાં એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ દ્વારા બીજા રજીસ્ટર્ડ ટ્રસ્ટને આપવામાં આવતા ડોનેશનો અંગે ના પ્રાવધાનો જોયા, જેમાં રેગ્યુલર આવકમાંથી બીજા ટ્રસ્ટને (કોરપસ સિવાયના) ડોનેશનો જો આપવામાં આવે તો A.Y. 2024-25થી હવે ડોનેશન રકમના 85% જ બાદ મળશે.

Finance Act 2023ના આ સુધારાને અનુલક્ષીને બોર્ડ દ્વારા તા. 6-3-2024ના પરિપત્રથી સ્પષ્ટતા થઈ છે કે એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ અન્ય રજીસ્ટર્ડ ટ્રસ્ટને 100 રૂપિયાનું ડોનેશન આપે છે તો આપનાર ટ્રસ્ટને 85 રૂપિયા જ ખર્ચમાં બાદ મળે છે એ સંજોગોમાં ટ્રસ્ટ દ્વારા 15 રૂપિયા એકત્રિત કરવાના અને માન્ય રોકાણ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

**એક સમાન ઉદ્દેશ્યો**

ઉપરોક્ત નિયમનું પાલન કર્યા પછી રજીસ્ટર્ડ ટ્રસ્ટ દ્વારા જે અન્ય રજીસ્ટર્ડ ટ્રસ્ટને ડોનેશન આપવામાં આવે છે તેના ઉદ્દેશ્યો એકસમાન હોવા જરૂરી છે.

એકસમાન ઉદ્દેશ્યો અંગે સુપ્રિમ કોર્ટે Aditanar Educational Institutionના કેઇસમાં એવું ઠરાવ્યું કે એકમાત્ર શૈક્ષણિક હેતુ (Solely Educational)નો અર્થ એવો નથી કે સ્કૂલ કોલેજોના માધ્યમથી પણ શિક્ષણ આપે એવી અન્ય શૈક્ષણિક સંસ્થામાં એનો સમાવેશ થાય નહિ.

આમ શૈક્ષણિકના મુખ્ય ઉદ્દેશ્યો આનુષાંગિક (Incidental) ઉદ્દેશ્યો હોય તો પણ એકમાત્ર (Solely) શબ્દોનું ઉલ્લંઘન થતું નથી એવું લક્ષ્મણ સ્વામી મુદલિયારના સુપ્રિમ કોર્ટના ચૂકાદાથી ફલિત થાય છે.

**અન્ય ટ્રસ્ટ દ્વારા ડોનેશનમાંથી ખર્ચ**

બોર્ડ પરિપત્ર નં. 1132 તા. 5-1-78 મુજબ ડોનેશન મેળવનાર ટ્રસ્ટ દ્વારા ચેરીટેબલ ઉદ્દશ્યો માટે રકમ ખર્ચાયેલ હોવી જરૂરી છે.

બોર્ડે એવી સ્પષ્ટતા પણ કરી કે ચેરીટેબલ સિવાયના અન્ય ઉદ્દેશ્યો માટેનો ખર્ચ કરેલ હોય તો ડોનેશન આપનાર ટ્રસ્ટને ડોનેશન રકમ બાદ મળે નહિ. આવકવેરા અધિકારીએ આ અંગે ચકાસણી કરવી જરૂરી છે. (પરિપત્ર નં. 1582 તા. 19.10.84)

**ડોનેશન મળ્યાના વર્ષમાં ખર્ચ**

ડોનેશન મળ્યાના વર્ષમાં ડોનેશન મેળવનાર ટ્રસ્ટ દ્વારા ખર્ચ થાય નહિ પરંતુ ત્યારપછીના વર્ષોમાં ખર્ચ થાય એટલા માત્રથી ડોનેશન આપનાર ટ્રસ્ટને ડોનેશન રકમ ખર્ચમાંથી અમાન્ય થાય નહીં.

અલાહાબાદ હાઇકોર્ટે Nazareth Hospital Societyના કેઇસમાં એવું ઠરાવ્યું ખે એક સમાન ઉદ્દેશ્ય ધરાવતા ટ્રસ્ટને આપેલું. ડોનેશન જ માન્ય ગણાશે.

**અન રજીસ્ટર્ડ ટ્રસ્ટને ડોનેશન**

કલમ 11(1)ની સમજૂતી 4(iii) અનુસાર એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ અન્ય વિવિધ રજીસ્ટર્ડ ટ્રસ્ટે (કલમ 10 (23 C))ને ડોનેશનનો આપે છે તો આપનાર ટ્રસ્ટને ડોનેશન રકમના 85% જ બાદ મળવા અંગેની જોગવાઇમાં વિવિધ રજીસ્ટર્ડ ટ્રસ્ટોની સ્પષ્ટતા જોતા અનરજીસ્ટર્ડ ટ્રસ્ટને આપેલ ડોનેશનો હવે સ્પષ્ટ પણે નામંજૂર જ થશે.

A.Y. 2024-25 પહેલાના કોર્ટોના ચૂકાદાઓ મુજબ કલમ 12AA મુજબ રજીસ્ટર્ડ ટ્રસ્ટને આપેલ ડોનેશન અમાન્ય ઠરશે નહિ Maria Social Service Society (કર્ણાટક હાઇકોર્ટ) વળી હૈદરાબાદની ટ્રીબ્યુનલ બેંચે Dharmavana Arboretumના કેઇસમાં એવું કહ્યું છે કે અનરજીસ્ટર્ડ ટ્રસ્ટે ચેરીટેબલ ઉદ્દેશ્યો માટે ડોનેશનની રકમ વાપરેલી હોવી જોઇએ.

# નવી આઈટી નિયમોનો કંપની વિરોધ કરી રહી છે

**વોટ્સએપે** કહ્યું, જો દબાણ કરવામાં આવશે તો ભારત છોડી દઈશ

નવી દિલ્હી, તા. 26ઃ વોટ્સએપ ભારતમાં સેવા આપવાનું બંધ કરી શકે છે. ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, જો તેને મેસેજનું એન્ક્રિપ્શન તોડવાની ફરજ પાડવામાં આવશે તો તે ભારત છોડી દેશે.

મેટાના બે મોટા પ્લેટફોર્મ વોટ્સએપ અને ફેસબુકે નવા સુધારેલા આઈટી નિયમો સામે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે ગયા મહિને દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી હતી. કંપનીએ કોર્ટમાં કહ્યું હતું કે નવા નિયમોથી યૂઝરની પ્રાઈવસી ખતરામાં પડી શકે છે. આ કેસની સુનાવણી દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનમોહન અને ન્યાયાધીશ મનમીત પ્રીતમ સિંહ અરોરાની ખંડપીઠ કરી રહી છે.

સરકાર તરફથી વોટ્સએપ અને કિર્તીમાનસિંહ વતી એડવોકેટ તેજસ કારિયા દલીલો કરી રહ્યા હતા. બંને પક્ષો વચ્ચે ટૂંકી ચર્ચા બાદ હાઈકોર્ટે વચલો રસ્તો માગ્યો હતો. આ કેસની આગામી સુનાવણી 14 ઓગસ્ટે થશે.

આઈટી નિયમો 2021 એન્ક્રિપ્શન સાથે વપરાશકર્તાઓની ગોપનીયતાને નબળી પાડે છે. તે ભારતીય બંધારણની કલમ 14, 19 અને 21 હેઠળના મૂળભૂત અધિકારોનું પણ ઉલ્લંઘન કરે છે. દુનિયામાં બીજે ક્યાંય આવો નિયમ નથી, બ્રાઝિલમાં પણ નથી. આ નિયમ યૂઝર્સની પ્રાઈવસી વિરૂદ્ધ છે અને આ નિયમ કોઈ પણ પ્રકારની સલાહ વગર રજૂ કરવામાં આવ્યો હતો. આપણે એક આખી સાંકળ સાથે રાખવી પડશે અને અમને ખબર નથી કે સરકાર કયા સંદેશા માંગી શકે છે. આનો અર્થ એ છે કે લાખો સંદેશાઓને વર્ષો સુધી સંગ્રહિત કરવા પડશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મે 2021ના નવા સંશોધિત ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) નિયમોને પડકાર્યા છે. આ નિયમો હેઠળ વોટ્સએપે ચેટની જાણકારી મેળવવાની સાથે સાથે એ પણ જાણવું પડશે કે પહેલીવાર આ મેસેજ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો. આ પહેલા કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને કહ્યું હતું કે, વોટ્સએપ અને ફેસબુક યુઝર્સના ડેટાને બિઝનેસ કે કોમર્શિયલ હેતુ માટે વેચે છે. તેથી કાયદાકીય રીતે કંપની એવો દાવો ન કરી શકે કે તે પ્રાઈવસીનું રક્ષણ કરે છે.